(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુર મુકામે સી.એન.જી.ઓટોરીક્ષા એશોસિએશનના સૌજન્યથી જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી મહેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને મતદાન જાગૃતિ માટેનો સરસ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમ બાદ રીક્ષાઓની પાછળ મતદાન કરવા જાગૃતિ ફેલાવતા પોસ્ટરો ચોટાડવામાં આવ્યા હતા અને પાલનપુર શહેરમાં રીક્ષાઓની રેલી કાઢવામાં આવી હતી. આ -સંગે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી મહેન્દ્ર પટેલે મતદારોને અપીલ કરતાં જણાવ્યું હતુ કે આગામી તા.૩૦ મી અ-લિના રોજ સમગ્ર ગુજરાતમાં લોકસભાની સામાન્ય ચૂંટણી માટે મતદાન યોજાનાર છે તેમાં આપણા જિલ્લાના નાગરિકો રેકોર્ડ બ્રેક મતદાન કરી લોકશાહી વ્યવસ્થાને વધુ મજબુત બનાવે.

પાલનપુરમાં પાંચ હજાર રીક્ષાચાલકોએ લાલચ કે ભય વગર મતદાન કરવા શપથ લીધા

પાલનપુર, તા.૧૩

ગુજરાતમાં ૩૦મી એપ્રિલના રોજ લોકસભાની ચૂંટણી માટે મતદાન યોજાનાર છે. ત્યારે બનાસકાંઠા સંસદીય બેઠક પર જિલ્લાભરના મતદાતાઓને અચૂક અને વોટ સામે કોઈ પણ પ્રલોભન વગર તેમજ કોઈ પણ ઉમેદવાર યોગ્ય ન લાગે તો 'નોટા'નો પ્રયોગ કરી મતદાન કરવા વહીવટી અને ચૂંટણી તંત્ર દ્વારા ભારે કવાયત હાથ ધરી છે.

જિલ્લા મથક પાલનપુર ખાતે આજે જિલ્લા ચૂંટણી અધિકારી મહેન્દ્રભાઈ પટેલ, એસ.પી અશોક યાદવ, ડીડીઓ એસ.કે. પટેલ સહિતના અધિકારીઓની ટીમે પાંચ હજારથી વધારે રીક્ષા ચાલકોને એકત્રિત કર્યા હતા અને ચૂંટણીમાં કોઈ પણ પ્રકારની લાલચ કે ભેદ વગર મતદાન કરવા શપથ લેવડાવ્યા હતા. ઉપરાંત ચૂંટણીમાં કોઈ ઉમેદવાર પસંદ ન આવે તો 'નોટા'ના વિકલ્પનો પણ અચૂક ઉપયોગ કરવા અને જંગી મતદાન કરવા મતદારોને અનુરોધ કર્યો હતો તેમજ મતદાનના દિવસે સમયમાં કરવામાં આવેલા વધારા સંદર્ભે પણ માહિતી અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

બનાસકાંઠા લોકસભાની ચૂંટણી જંગમાં ૧૪ ઉમેદવારો મેદાનમાં

પાલનપુર, તા. ૧૩

આગામી ૩૦મી એપ્રિલે ગુજરાતમાં લોકસભાની ચૂંટણી યોજાશે ત્યારે બનાસકાંઠા લોકસભા બેઠક પર કેટલાક ઉમેદવારોએ પોતાની ઉમેદવારી પરત ખેંચતા ફોર્મ ચકાસણી બાદ મુખ્ય રાજકીય પક્ષો સહિત કુલ ૧૪ ઉમેદવારો વચ્ચે જંગ ખેલાશે. બીજીતરફ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા ચૂંટણીની તમામ તૈયારીઓ કરી દીધી છે. જેમાં વધુ ને વધુ મતદાન થાય તે માટે જિલ્લાભરમાં સઘન પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. જિલ્લામાં ૨૦ જેટલા આદર્શ મતદાન મથકો બનાવાયા છે. જ્યારે ૮૦ વર્ષથી વધુ વયના મતદારોને ખાસ આમંત્રણ કાર્ડથી મતદાન કરવાની પહેલી જ વાર વ્યવસ્થા કરાઈ છે. ઉપરાંત પોલીસ તંત્ર દ્વારા પણ મતદાન મથકો પર લોખંડી બંદોબસ્ત તૈનાત કરવાની વ્યવસ્થા કરવામાં આવી છે. તેમ જિલ્લા ચૂંટણી અધિકારી મહેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું.

(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

ડીસામાં ઝનુની ટોળાએ ચોર સમજી નિર્દોષ યુવકની પિટાઈ કરી

અસામાજીક પ્રવૃત્તિઓને નાથવામાં પોલીસ તંત્ર નિષ્ફળ નિવડતા કયારેક ના છૂટકે પ્રજાને કાયદો હાથમાં લેવો પડે છે. એક માસ પહેલા પાલનપુરમાં એક યુવકને ચોર સમજી લોકોએ ફટકારતા તેનું મોત થયું હતું ત્યારે ડીસા શહેરના રામનગરમાં પણ પ્લાસ્ટીક વિણનાર યુવકને રહીશોએ ચોર સમજી આડેધડ ફટકાર્યો હતો. ડીસા શહેરના ગાયત્રી મંદિરથી સ્પોર્ટસકલબ તરફ જતા રસ્તા પર રામનગરના નાકા પર આશરે ૧૮ વર્ષના એક યુવકને લોકો પકડી ઢોર માર મારી રહ્યા હતા. લોકોના ઢોર મારથી તે બુમો પાડી રહ્યો હતો. લોકોનું ટોળુ ચોર ચોરની બુમો સાથે આડેધડ ફટકારતું હતું જો કે આ યુવક હું ચોરી કરવા નથી પણ પ્લાસ્ટીક વિણતો હતો તેવી આજીજી કરવા છતાં ઝનુની ટોળું તેની પિટાઈ કરતું હતું જો કે સમજુ લોકોએ વચ્ચે પડીને આ યુવકને બચાવ્યો હતો. જો કે ચોરની શંકાથી અવારનવાર નિર્દોષ વ્યકિતઓની પિટાઈ કરાતી હોય છે. ત્યારે પ્રજાએ કાયદો હાથમાં લેતા પહેલા વ્યકિતની ખરાઈ કરી લેવી જોઈએ કે વ્યકિત ખરેખર ગુનાહીત પ્રવૃત્તિ કરવા આવ્યો છે કે કેમ?

મજરા ખાતે રામકથા સંપન્ન

પ્રાંતિજ તાલુકાના મજરા ખાતે તાજેતરમાં સતત નવ દિવસ દરમિયાન ગણેશ બાપુ દ્વારા રામકથાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેની આજે પૂર્ણાહુતિ કરવામાં આવી હતી. આ રામકથામાં કથાકાર ગણેશ બાપુએ વિવિધ ધાર્મિક પ્રસંગો અંગે અનોખી છટામાં લોકોને આધ્યાત્મિક માર્ગ તરફ દોરી ગયા હતા અને યુવા ધનને વ્યસનથી દૂર રહેવા આહ્વાન પણ કર્યું હતું. કથાના આયોજનમાં રામભાઈ પટેલ, દશરથભાઈ પટેલ સહિત ગ્રામજનોએ ભારે જહેમત ઉઠાવી હતી. (તસવીર : સંજય રાવલ)

ચિલોડા પંથકના ખેડૂતો ઘઉંની કાપણીમાં વ્યસ્ત બન્યા છે ચાલુ સિઝનમાં ઘઉંનો પાક વિપુલ પ્રમાણમાં થતા ખેડૂતોમાં ખુશીની લહેર ચાલી છે. તસવીરમાં પોતાના ખેતરમાં તૈયાર થઈ ગયેલા ઘઉંના પાકને થ્રેસરમાં નાંખી પાક લેવામાં મશગુલ દેખાઈ રહ્યા છે. (તસવીર : નટુભાઈ પટેલ)

આજે ચંદ્ર અને મંગળ યુતિનો અવકાશી નજારો જોવા મળશે

અમદાવાદ,તા. ૧૩

સૂર્યમાળાના બધા ગ્રહોમાં વૈજ્ઞાનિકોએ મંગળગ્રહ ઉપર વધુમાં વધુ અભ્યાસ સાથે સંશોધનો કર્યા છે. અત્યારે ૧૭ યાનો મંગળની વિશેષ જાણકારી માટે અભ્યાસ કરે છે તે મંગળ ગ્રહ આજથી પૃથ્વીની નજીક આવશે.

હવે પછી આવી અવકાશી ઘટના ૨૦૧૬માં જોવા મળશે. સાંજે ચંદ્ર-મંગળની યુતિનો નજારો જોવા મળશે. ચિત્રા તારો બાજુમાં ઓછો ચમકતો જોવા મળશે. રાજ્યમાં ખગોળીય ઘટના જોવા માટે ભારતજન વિજ્ઞાન જાથાની રાજ્ય કચેરીએ ગોઠવી છે.

જાથાના રાજ્ય ચેરમેન જયંત પંડ્યા જણાવે છે કે, આજે પૃથ્વી અને મંગળગ્રહ વચ્ચેનું અંતર ઘટીને ૫૪૪૦૦૦૦૦ માઇલ રહેવાનું છે. મંગળગ્રહનો ઉદય સાંજે સાડા છ કલાકે થશે. આખી રાત નજારો જોવા મળશે. રાત્રીના ૯થી ૧૦ પૂર્વે દિશામાં ટેલિસ્કોપથી આબેહુબ જોઇ શકાશે. ચંદ્ર-મંગળની યુતિ હસ્ત નક્ષત્રમાં છે.

કન્યા રિશામાં ફરતે યુતિની બાજુમાં ઓછો ટમટમતો તારો ચિત્રા પણ જોવા મળશે. છેલ્લા કેટલાક દિવસથી રાતો મંગળગ્રહ આવકાશમાં જોવા મળે છે. હજુ વીસ દિવસ મંગળ નિયમિત આકાશમાં જોવા મળશે. સવારે ૬.૨૩ મિનિટે અસ્ત થશે. કરોડો માઇલ દૂર મંગળગ્રહનું અમંગળ ફળરથનો જ્યોતિષીઓ કપટકુંડળીમાં ફીટ કરી શ્રદ્ધાળુઓ સાથે ખુલ્લી છેતરપિંડી કરે છે. વાસ્તવમાં અવકાશી ગ્રહો માનવ જીવનની દૈનિક ક્રિયાને અસરકર્તા નથી તેવું વિજ્ઞાન સાબિત કરી આપે છે. નબળા ભોળા, આત્મવિશ્વાસનો અભાવવાળા લોકો જ્યોતિષીઓના ચક્કરમાં ફસાય છે. જ્યોતિષીઓની પરીક્ષા કરો કે આકાશમાં અત્યારે કયા ગ્રહો છે તેની ઓળખાણ રાશિ-નક્ષત્રની પુછતાછ કરો તો તેના ભોપાળા છતાં થઇ જશે. ગ્રહોનો ભય ડર કાઢી નાંખવા જાથા અનુરોધ કરે છે.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે રવિવારે
ફોન : ૨૩૨૨૨૫૭૧

છેલ્લા એક માસમાં સ્વાઈન ફ્લુના લીધે ૪ના મોત

ગભરાટ એટલી હદે ફેલાઈ છે કે મૃત્યુ પછી બેસણુ પણ રખાતું નથી અને બેસણું રખાય તો કોઈ આવતું પણ નથી

અમદાવાદ, તા.૧૩

સ્વાઈન ફ્લુનો આતંક ફરી એકવાર જોવા મળી રહ્યો છે. છેલ્લા એક મહિનાના ગાળામાં અમદાવાદ સહિત રાજ્યમાં સ્વાઈન ફ્લુથી ચાર લોકોના મોત થઇ જતા તંત્રની ઉંઘ પણ હરામ થઇ ગઈ છે. સ્વાઈન ફ્લુના રોગે દરેક વ્યક્તિઓમાં ગભરાટ ફેલાઈ દીધી છે.

રાજ્યમાં છેલ્લા એક મહિનાથી સ્વાઈન ફ્લુનો રોગે લોકોમાં ડર બેસાડી દીધો છે. સ્વાઈન ફ્લુના રોગથી ચાર વ્યક્તિઓ મૃત્યુ પામ્યા છે. વેજલપુરમાં રહેતી એક મહિલાનું સ્વાઈન ફ્લુના લીધે મૃત્યુ નીપજ્યું હતું જેના લીધે તે વિસ્તારમાં રહેતા લોકોને આ રોગથી ડર પેસી ગયો છે. ગત વર્ષે પણ સ્વાઈન ફ્લુના કારણે અનેક વ્યક્તિના મોત થયા હતા. જેના લીધે આરોગ્ય વિભાગ દ્વારા સ્વાઈન ફ્લુથી બચવા અનેક પગલા ભરી લોકોને સચેત રહેવા જાહેર અપીલ પણ કરી હતી. સ્વાઈન ફ્લુના રોગનો ડર એટલો બધો છે કે જે વ્યક્તિ સ્વાઈન ફ્લુથી મૃત્યુ પામી હોય તેની પાછળ બેસણું પણ રાખવામાં આવતું નથી. અને કદાચ જો બેસણું રાખવામાં આવે તો કોઈ આવતું પણ નથી. કારણ કે સ્વાઈન ફ્લુ ચેપી રોગ હોવાથી અને ઝડપથી પ્રસરતો હોવાથી તેની સામે સચેત રહેવા પગલાં લેવામાં આવતા હોય છે. અગાઉ સ્વાઈન ફ્લુના કારણે મૃત્યુ પામેલી વ્યક્તિનો મૃતદેહ તેના પરિવારજનોને આપવામાં આવતો ન હતો. તેની હોસ્પિટલના કર્મચારીઓ દ્વારા અંતિમવિધ કરી દેવામાં આવતી હતી. સ્વાઈન ફ્લુથી મૃત્યુ પામેલી વ્યક્તિનો મતૃદેહ તેના પરિવારજનોને સુચના આપ્યા બાદ રેપરમાં વિંટાળીને આપવામાં આવે છે.

આગામી ચૈત્રી સુદ પૂર્ણિમા એટલે હનુમાન જયંતિના પાવન પર્વે પાલનપુર શહેર સહિત જિલ્લાભરમાં ધાર્મિક હર્ષોલ્લાસ સાથે ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવશે. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

૩૨ લાખની આંગડીયા લૂંટ કરનાર શખ્સ અંતે ઝડપાયો

અમદાવાદ, તા.૧૩

અમદાવાદ સેક્ટર-૨ સ્કોર્ડે આણંદ આંગડીયા લૂંટની કોશિષના બે આરોપીઓની કિંમત રૂા. ૪,૪૨,૯૫૦ના મુદ્દામાલ સાથે ધરપકડ કરીને બે ગુનાનો ભેદ ઉકેલવામાં સફળતા મળી છે. પોલીસને બાતમી મળી હતી કે એક સફેદ કલરની નંબર વગરની એસેન્ટ કારમાં બે ઈસમો શકમંદ હાલતમાં જે કાર ઈન્દીરાબ્રીજ તરફથી આવી સરદારનગર નોબલનગર ટી રોડ થઈ કુબેરનગર તરફ ઝવાની છે તે હકીકતના આધારે વોચ ગોઠવી આરોપી મિતેષ ઉર્ફે મોન્ટુ બાબુલાલ શ્રીમાળી તેમજ હર્ષદ ઉર્ફે કોષ્ટીની કાર તેમજ અલગ અલગ બેંકોના કાર્ડ તથા કોબ્રા કંપનીના સ્પ્રે મળી રૂા .૪,૪૨,૯૫૦ મુદ્દામાલ સાથે ધરપકડ કરી વધુ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પકડાયેલ બંને આરોપી તથા તેના અઅન્ય સાગરીતો મિતેષ દેસાઈ તથા અન્ય સાગરીતો સાથે મળી ૧૬ જાન્યુઆરી ૨૦૧૪ના રોજ આણંદ ખાતે રાત્રીના બારેક વાગે ૩૨ લાખની આંગડીયા લૂંટ કરેલ તથા ૧૦ એપ્રિલના રોજ આણંદમાં આંગડીયા લૂંટની કોશિષ પણ કરી હોવાની કબુલાત આપી છે.

આરોપીઓ પોતાના ટાર્ગેટ ઉપર ચીલી સ્પ્રે (કોબ્રા મેગ્નમ સ્પ્રે) છાંટીને પોતાના કાવતરાને અંજામ આપવાની એમઓ ધરાવે છે તેમજ તેઓ મોજશોખ પુરા કરવા આ રીતે લૂંટ કરતા હોવાનું જાણવા મળ્યું છે. આરોપી મિતેષ શ્રીમાળી અગાઉ બાઈખ ચોરીમાં દરિયાપુર પોલીસ સ્ટેશનમાં તથા મારામારી તથા છેડતીના ગુનામાં રખિયાલ પોલીસ સ્ટેશનમાં પકડાઈ ચુક્યો છે.

ભિલોડા નવા ભવનાથ વિસ્તારમાંથી હિરોહોન્ડા સ્પ્લેન્ડર બાઈક ચોરાયું

ભિલોડા, તા. ૧૩

અરવલ્લી જિલ્લાના ભિલોડા નગરના નવા ભવનાથ રેસીડેન્ટ વિસ્તારમાંથી કોઈ અજાણ્યા ચોર ઈસમોએ રૂ. ૧૨,૦૦૦ની કિંમત ધરાવતુ હિરો-હોન્ડા સ્પ્લેન્ડર બાઈક ચોરી કરી તસ્કરો પલાયન થઈ ગયા હતા.

ભિલોડા પોલીસ સ્ટેશન અરવિંદભાઈ પરમારના જણાવ્યા મુજબ નવા ભવનાથ ગામના હાર્દસમા રેસીડેન્ટ વિસ્તારમાંથી બળવંતભાઈ મગનભાઈ પરમારનું હિરો-હોન્ડા બાઈક નંબર જી.જે.૦૯.એ.એન. ૩૦૬ કાળાકલરનું બાઈક કોઈ અજાણ્યા ચોર ઈસમો ચોરી ગયા હતા. ભિલોડા નગર સહિત તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં દિન-પ્રતિદિન બાઈક ચોરીનો ઉપદ્રવ વધતા લોકો ભયભીત બન્યા છે. ભિલોડા પોલીસ દ્વારા નાઈટ પેટ્રોલીંગમાં વધારો કરવા પ્રજાજનોની પ્રબળ માંગણી છે. ભિલોડાના નવાભવનાથ ગામના રહેવાસી બળવંતભાઈ મગનભાઈ પરમારનું હિરો-હોન્ડા સ્પ્લેન્ડર બાઈક કોઈ અજાણ્યા ચોર ઈસમો ચોરી ગયા હોવાના સંદર્ભે ભિલોડા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો દર્જ કરી ધારા-ધોરણ મુજબની કાર્યવાહી હાથ ધરેલ છે.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જુ.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામમ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧